


# બ્રિસ્ટલ લેબ્સના ડાયરેક્ટર પીએમ રાજુનું કોવિડ-19માં નિધન

દેશના અગ્રણી જેનરિક મેડિસીન ઉત્પાદકોમાંના એક બ્રિસ્ટલ લેબોરેટરીઝના સિનિયર ડિરેક્ટર શ્રી પી.એમ. રાજુ કોરોનાવાયરસની બીમારીના કારણે રવિવારે લંડનની રોયલ બ્રોમ્પટન હોસ્પિટલમાં ICUમાં એક મહિનાની સારવાર બાદ અવસાન પામ્યા છે. તેઓ 63 વર્ષના હતા અને તેમની પાછળ પત્ની, બે પુત્રો અને એક પુત્રવધુને વિલાપ કરતાં મૂકી ગયા છે.



શ્રી રાજુ અને બ્રિસ્ટલ લેબોરેટરીઝના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર, સ્થાપક અને સીઈઓ ટી રામચંદ્રન બન્ને નજીકના મિત્રો અને સાથી હતા. તેમણે 1997માં નોર્થ ઉત્તર લંડનના હેરોમાં એક નાની ઓફિસથી આ બિઝનેસની શરૂઆત કરી હતી અને સાથે મળીને યુકે અને યુરોપમાં ફેલાયેલું એક વિશાળ સાહસ બનાવ્યું હતું.

શ્રી રામચંદ્રને અંજલિ આપતાં કહ્યું હતું કે “હું સુખ દુ:ખમાં મારી અને મારા કુટુંબની સાથે રહીને 40 વર્ષોની બિનશરતી ભાગીદારીને ક્યારેય ભૂલી શકતો નથી. તે મારા અને પત્ની શ્રીદેવી માટે ભાઇ હતા અને મારી દીકરીઓના પ્રિય કાકા હતા. શબ્દો ક્યારેય એક આત્માની મહાનતા માટે ન્યાય કરવા પૂરતા નથી. તેમણે મળેલા દરેકના જીવનને સ્પર્શ્યું હતુ."

શ્રી રાજુ અને શ્રી રામચંદ્રને ઘણા વર્ષો ભારત સ્થિત ફાર્માસ્યુટિકલ કંપની આઈપીસીએ લેબોરેટરીઝમાં કામ કર્યું હતું અને 1997માં, શ્રી રાજુ બ્રિસ્ટલ લેબોરેટરીઝ સ્થાપવા માટે યુ.કે. આવ્યા હતા. શ્રી રાજુ બ્રિટીશ ફાર્મા ઉદ્યોગના ખૂબ જ આદરણીય અને લોકપ્રિય સભ્ય હતા જેમણે બ્રિસ્ટલ લેબોરેટરીઝ માટે નવીનતાને આગળ વધારવા અને નવા પ્રદેશો વિકસાવવા માટે ઘણું બધું કર્યું હતું. તેમણે જથ્થાબંધ વેપારીઓ અને સમુદાયના ફાર્માસિસ્ટ્સ સાથે મજબૂત સંબંધો બનાવ્યા હતા.

કેરળના આદુરના પારાકોડમાં જન્મેલા રાજુએ કેરળ યુનિવર્સિટીમાંથી કોમર્સમાં સ્નાતકની ડીગ્રી મેળવી હતી. તેઓ ઘણા વર્ષોથી હેમલ હેમ્પસ્ટેડમાં ભારતીય ઓર્થોડોક્સ ચર્ચના સ્થાપક અને સમર્પિત સભ્ય હતા.

ઇન્ડિયન ઓર્થોડોક્સ ડાયોસીસ બિશપ ડૉ. મેથ્યુઝ માર થિમોથિઓસે કહ્યું હતું કે “આ દુનિયામાંથી તેઓ વિદાય થયા તેનું કેટલું દુ:ખ છે તેનું વર્ણન કરવા કોઈ શબ્દો નથી. તેઓ હંમેશા ડાયોસીસના મારા બધા મિશન માટે મારા આધારસ્તંભ તરીકે ઉભા રહ્યા હતા. રાજુએ નોર્થ લંડનમાં મલયાલી ક્રિશ્ચિયન સમુદાય સ્થાપિત કરવામાં મદદ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. જ્યારે લોકો કેરળથી યુકે આવતા ત્યારે તેમની સાથે સંપર્કમાં આવનારને નોકરી હોય કે ઘર, હંમેશાં પુષ્કળ મદદ મળી રહેતી હતી.''

હેમલ હેમ્પસ્ટેડ ચર્ચના સેક્રેટરીએ રાજુની પ્રશંસા “ખૂબ જ મહેનતુ, નરમ બોલનાર વ્યક્તિ અને દરેક માટે એક મહાન રોલ મોડેલ” તરીકે કરી હતી.